ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ

સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 72 ■ અંક : 07 ■ તારીખ : 5, જુલાઈ, 2024 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

ખેડૂત કલ્યાણ કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા

સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી પદના શપથ લીધા બાદ પહેલો નિર્ણય ખેડૂતોના કલ્યાણ માટે

નવી દિલ્હી : કેન્દ્ર સરકારની પ્રાથમિકતાઓમાં ગામડાઓ અને ખેડૂતોનું વજન કેટલુ વધારે છે, તે નવી કેન્દ્ર સરકારના પ્રથમ નિર્ણયથી પણ સ્પષ્ટ થાય છે. ફરી એકવાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ખેડૂતોને પોતાની પ્રાથમિકતામાં સૌથી ઉપર રાખ્યા છે. સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી પદના શપથ લીધા બાદ પહેલો નિર્ણય ખેડૂતોના કલ્યાણ સાથે જોડાયેલો હતો. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે પહેલી ફાઈલ પર હસ્તાક્ષર કર્યા હતા તે કિસાન સન્માન નિધિની રજૂઆત સાથે સંબંધિત હતી. આ સાથે જ પ્રધાનમંત્રીશ્રી મોદીએ પણ ખાતરી આપી છે કે, આગામી

પ્રધાનમંત્રી કિસાન નિધિનો 17મો હપ્તો બહાર પડવાથી 9.3 કરોડ ખેડૂતોને સીધો લાભ થશે અને એક પળમાં આ ખેડૂતોનાં ખાતાંમાં લગભગ 20,000 કરોડ રૂપિયા કેન્દ્રમાંથી મોકલવામાં આવશે

સમયમાં તેઓ ખેડૂતો અને કૃષિ ક્ષેત્રનું કલ્યાણ વધુ જોરશોરથી કરવા માગે છે. પ્રધાનમંત્રી કિસાન નિધિનો 17મો હપ્તો બહાર પડવાથી 9.3 કરોડ ખેડૂતોને સીધો લાભ થશે અને એક પળમાં આ ખેડૂતોનાં ખાતાંમાં લગભગ 20,000 કરોડ રૂપિયા કેન્દ્રમાંથી મોકલવામાં આવશે. પીએમ કિસાન સન્માન નિધિ અંતર્ગત કેન્દ્ર સરકાર દેશભરના ખેડૂતોને તેમની સહાયતા માટે દર વર્ષે 2000 રૂપિયાના ત્રણ હપ્તામાં 6000 રૂપિયા આપે છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં 3 લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ સીધી દેશના ખેડૂતોના ખાતામાં મોકલવામાં આવી છે.

3 કરોડ વધારાના પીએમ આવાસોને મંજૂરી આપી જીવનની સરળતા અને આદરોને પ્રોત્સાહન

નવી દિલ્હી : પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરીની 9મી વર્ષગાંઠ પર એ ઉલ્લેખ કરવો મહત્વપૂર્ણ છે કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 3 કરોડ વધારાના આવાસોને મંજૂરી મળવાથી ગ્રામીણ અને શહેરી આવાસોથી 'જીવન જીવવાની સરળતા'ને પ્રોત્સાહન મળશે અને કરોડો ભારતીયોનું સન્માન થશે. આ પહેલાં ગત કાર્યકાળમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારે ડિસેમ્બર 2024 સુધી આ યોજનાને લંબાવી હતી, જેથી મંજૂર થયેલાં મકાનોનું નિર્માણ પૂર્ણ થઈ શકે અને ચાવી લાભાર્થીઓને સોંપી શકાય. અત્યાર સુધી બનેલા 4 કરોડથી વધુ મકાનોમાંથી એક કરોડથી વધુ મકાનો શહેરી ગરીબોને આપવામાં આવ્યા છે. હવે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વધારાનાં મકાનોનું નિર્માણ કરવાનો નિર્ણય કેન્દ્ર સરકારની ત્રીજી બેઠકની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

પીએમએવાય હેઠળ નિર્માણ પામેલા તમામ મકાનો કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની અન્ય યોજનાઓને મર્જ કરીને ઘરગથ્થુ શૌચાલયો, એલપીજી કનેક્શન, વીજળીનું જોડાણ, સક્રિય ઘરગથ્થુ નળ જોડાણ વગેરે જેવી મુળભૂત સુવિધાઓથી સજ્જ છે. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કહેવામાં આવ્યું છે કે આ 3 કરોડ વધારાના મકાનો પાત્ર પરિવારોની સંખ્યામાં વધારાને કારણે ઊભી થનારી આવાસની જરૂરિયાતોને પૂરી કરશે, જેના માટે સરકાર ગ્રામીણ અને શહેરી પરિવારોને મદદ કરશે.

આવાસ યોજના ગરીબો તેમજ

મહિલા સશક્તિકરણને મોટી તાકાત આપી રહી છે. છેલ્લા નવ વર્ષમાં દેશમાં લાભાર્થીઓને આપવામાં આવેલા મકાનોમાંથી લગભગ 70 ટકા મકાનો મહિલા લાભાર્થીઓના નામે છે. લાભાર્થીઓમાં, મોટાભાગની મહિલાઓનો સમાવેશ થાય છે, જેમના નામે પ્રથમ વખત કોઈ મિલકતની નોંધણી કરવામાં આવી છે. કેન્દ્ર સરકારની હાઉસિંગ ફોર ઓલ સ્કીમ

અનુસંધાન પાના નંબર : 3

પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ હેઠળ આ સહાય ઉપલબ્ધ

કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સહાયની નિશ્ચિત રકમ આપવામાં આવે છે, જેના માટે પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે. પીએમએવાય-જીમાં મેદાની વિસ્તારના લાભાર્થીઓને રૂ. 1.20 લાખની નાણાકીય સહાય અને ઉત્તરપૂર્વ અને પર્વતીય રાજ્યો, દુર્ગમ વિસ્તારો અને સંકલિત કાર્યયોજના જિલ્લાઓમાં રૂ. 1.30 લાખની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. સ્વચ્છ ભારત મિશન - ગ્રામીણ, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) અથવા ભંડોળના અન્ય કોઈ સમર્પિત સ્ત્રોતની સામૂહિક યોજનાઓ હેઠળ શૌચાલયોના નિર્માણ માટે રૂ. 12,000 ની વધારાની સહાય આપવામાં આવે છે. પીએમએવાય- જી પરિવારોને પાણી, એલપીજી અને વીજળીનાં જોડાણોની સાથે- સાથે અન્ય સંબંધિત યોજનાઓ પણ પ્રદાન કરવામાં આવે છે.

મલ્ટી સ્ટેટ બેન્કના દરજ્જા સાથે કાર્ય કરતી

વરાછા બેન્ક હંમેશાં આધુનિક ટેકનોલોજી સાથે સેવા પૂરી પાડે છે : શ્રી ગોવિંદભાઈ ધોળકિયા

સુરત : સુરતની ધી વરાછા કો-ઓપરેટિવ બેન્ક લિ.ની 29મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન બેન્કના સહકાર ભવનમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે રાજ્યસભાના સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયા ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય મહેમાન પદે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, સુરતના ઉપપ્રમુખ વિજય મેવાવાલા તેમજ સુરત જિલ્લા રજિસ્ટ્રારશ્રી ધ્રુવીન પટેલ અને ટુ લાઈન સોલ્યુશનના ફાઉન્ડર અને સી.ઈ.ઓ અનિલભાઈ વાઘાણી ઉપસ્થિત હતા.

રૂ.3395 કરોડ થાપણ અને રૂ.2084 કરોડથી વધુ ધિરાણ સાથે નક્કર પ્રગતિ કરનાર વરાછા બેન્ક દ્વારા દર વર્ષની માફક વાર્ષિક સાધારણ સભાની સાથે વિશેષ સિદ્ધિ અને સેવા સન્માન સમારોહમાં રમતગમત ક્ષેત્રે વિશે સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. અકસ્માતે અવસાન પામનાર ખાતેદારના વારસદારને રૂ.20 લાખની વીમા રકમનો ચેક મહેમાનોના હસ્તે અર્પણ કરાયો હતો. બેન્કના ચેરમેનશ્રી ભવાનભાઈ નવાપરાએ કહ્યું હતું કે, ટેક્નોલોજી સાથે ખૂબ ઝડપથી બેન્ક ગ્રાહકોને સેવા પૂરી પાડે છે, તે બદલ વરાછા બેન્કને બેસ્ટ ડિજિટલ બેન્ક ઓફ ધી યરનો એવોર્ડ મળ્યો છે. કાર્યક્રમના અધ્યક્ષશ્રી ગોવિંદભાઈ ધોળક્યિાએ કહ્યું હતું કે, મલ્ટી સ્ટેટ બેન્કના દરજ્જા સાથે સહકાર ભાવનાથી કાર્ય કરતી વરાછા બેન્ક હંમેશાં આધુનિક ટેક્નોલોજી સાથે સેવા પૂરી પાડે છે, જે નોંધનીય બાબત છે.

PACS ને જન ઔષધિ કેન્દ્રોમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા ઝડપી

મંત્રાલયે 500થી વધુ PACS દ્વારા ઔષધીય સેવાઓ પ્રદાન કરવાનું શરૂ કર્યું છે

નવી દિલ્હી : સહકાર મંત્રાલયના જણાવ્યા અનુસાર, પ્રધાન મંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર (PMBJAK) કાર્યક્રમ સાથે પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ (PACS) ને એકીકૃત કરવાની કેન્દ્ર સરકારની પહેલને નોંધપાત્ર વેગ મળ્યો છે. જાન્યુઆરીથી 500થી વધુ PACS એ જન ઔષધિ કેન્દ્રો તરીકે કામ કરવાનું શરૂ કર્યું છે, જે આ વર્ષની શરૂઆતમાં એક પરિષદમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અને સહકાર પ્રધાનશ્રી અમિતભાઈ શાહે માહિતી આપી હતી.



આ વ્યૂહાત્મક પરિવર્તન આ સહકારી સંસ્થાઓને લોકોને સસ્તું અને ઉચ્ચ ગુણવત્તાની જેનરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં મદદ કરશે. સહકાર મંત્રાલયે એક ટ્વીટમાં આ પ્રગતિને પ્રકાશિત કરતા જણાવ્યું કે 563 PACS હવે જન ઔષધિ કેન્દ્રો તરીકે કામ કરવાનું શરૂ કરી દીધું છે. આ વિકાસ એ વ્યાપક પહેલનો એક ભાગ છે જેનો હેતુ PACSની આર્થિક સદ્ધરતા વધારવા અને પરંપરાગત પ્રવૃત્તિઓથી આગળ તેમની ભૂમિકાને વિસ્તારવાનો છે.

વર્ષની શરૂઆતમાં, શ્રી શાહે જન ઔષધિ કેન્દ્રો તરીકે કામ શરૂ કરવા માટે લગભગ 2,300 સહકારી મંડળીઓને કોડ અને મંજૂરીઓ પ્રદાન કરી હતી. નોંધનીય છે કે, 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી 4,400 થી વધુ PACS અને સહકારી મંડળીઓએ ઑનલાઈન અરજીઓ સબમિટ કરીને આ પહેલમાં રસ દર્શાવ્યો છે.

2,300થી વધુ સહકારી મંડળીઓની મંજૂરીએ આ સંસ્થાઓ માટે નવી તકો ખોલી છે, જેનાથી આર્થિક વૈવિધ્યકરણ અને વૃદ્ધિને પ્રોત્સાહન મળે છે. આ ફેરફારથી PACS સાથે સંકળાયેલા નાના અને સીમાંત ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે, તેમજ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો ઊભી થશે.

PACS ને જન ઔષધિ કેન્દ્રોમાં રૂપાંતરિત કરવા ઉપરાંત, સરકારે આ પ્રાથમિક સહકારી મંડળીઓને મજબૂત કરવા માટે અન્ય ઘણી પહેલો શરૂ કરી છે. તેમાં PACSનું કોમ્પ્યુટરાઈઝેશન, નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) સાથે એક સામાન્ય

અનુસંધાન પાના નંબર : 3

દેશમાં આર્થિક પ્રવૃત્તિઓનો પ્રવાહ વેગવંત રહેશે : રિઝર્વ બેંક ગવર્નર

મુંબઇ : અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિઓનો પ્રવાહ વેગવંત રહેશે તેવો નિર્દેશ આપતા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)ના ગવર્નર શ્રી શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે, "આર્થિક વિકાસ મજબૂત રીતે આગળ ધપશે તેવું અમે જોઇ રહ્યાં છીએ.

ગત વર્ષે પણ તે અત્યંત મજબૂત રહ્યો હતો. અમે આર્થિક પ્રવૃત્તિઓનો વેગવંત પ્રવાહ અને વિકાસ જોઇ રહ્યાં છીએ." એક સમારંભમાં બોલી રહ્યાં હતા. તેમણે જણાવ્યું કે, પ્રથમ ત્રિમાસિક ગાળાના વિકાસ દરના જે અંદાજો છે તે આશાવાદનો સંચાર કરે તેવા છે.

અગાઉ મધ્યસ્થ બેંકે જૂનની સાતમી તારીખે વાસ્તવિક કુલ ઘરગથ્થુ પેદાશના અંદાજ નાણાંકીય વર્ષ 2024-25ના સંદર્ભમાં અગાઉનો અંદાજ સાત ટકા હતો તેની સામે વધારીને 7.2 ટકા કર્યો હતો.

જીડીપીનો વિકાસ દર પ્રથમ ત્રિમાસિક ગાળામાં 7.3 ટકા રહેશે. બીજા ત્રિમાસિક ગાળામાં 7.2 ટકા, ત્રીજા ત્રિમાસિક ગાળામાં 7.3 ટકા અને છેલ્લાં ત્રિમાસિક ગાળામાં 7.2 ટકા રહેશે. મોનેટરી પોલિસી કમિટીની પત્રકાર પરિષદ દરમિયાન તેમણે આ નિર્દેશ આપ્યો હતો. શ્રી દાસે એવી પણ નોંધ લીધી હતી કે, ખાનગી વપરાશમાં સ્થિતિ સુધરી રહી છે અને ગ્રામ વિસ્તારની માંગ નીકળી રહી છે તેવો નિર્દેશ તેમણે આપ્યો હતો અને જણાવ્યું હતું કે, આગાહીને આઈએમએફની ધ્યાનમાં લેતા ખરીફ પાકમાં ઉત્પાદન સારૂ રહેશે.

પ્રોજેક્ટ ફાયનાન્સના નિયમોનો મુસદ્દો

નાણાં ખાતું ઈન્ફ્રા લેન્ડરના પ્રશ્નો મધ્યસ્થ બેન્કની સાથે હાથ ધરશે

નવી દિલ્હી : નાણાં મંત્રાલયનું ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક અફેર્સ (ડીઈએ) ટૂંક સમયમાં જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી ડ્રાફ્ટ પ્રોજેક્ટ ફાયનાન્સ માર્ગદર્શિકા પર બેંકો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધિરાણકર્તાઓના પ્રશ્નોના પ્રતિભાવો મેળવશે.સલાહ-મસલતની, આ કવાયત બાદ ડીઈએના વરિષ્ઠ અધિકારીઓ આ અંગે સરકારનો અભિપ્રાય જણાવવા માટે મુંબઈ ખાતે આરબીઆઈની મુલાકાત લે, એવી સંભવિતતા સૂત્રોએ વ્યક્ત કરી હતી. આરબીઆઈએ હિતધારકો ડ્રાફ્ટ માર્ગદર્શિકા માટેની ટિપ્પણીઓ સુપરત કરે, એ માટે તારીખ નક્કી કરી હતી.

ડીઈએ એ નાણાં મંત્રાલયમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર દેખરેખ રાખતો મુખ્ય વિભાગ છે. તે બેંકના પ્રતિનિધિઓ પાસેથી ડ્રાફ્ટ આરબીઆઈ માર્ગદર્શિકા પર ચાલુ સપ્તાહના પ્રારંભમાં પ્રતિભાવ મેળવે, એવી શક્યતા છે. આરબીઆઈએ બેંકોને પ્રોવિઝનિંગ હાલના 0.4 ટકાથી એક સામટું જ વધારીને પાંચ ટકા કરી દેવા કહ્યું નથી. પ્રોવિઝનિંગ માર્ચ, 2027 સુધીમાં પાંચ ટકાએ પહોંચે, એ માટે દર વર્ષે તેને ક્રમિક રીતે 1.5 ટકા વધારવાનું રહેશે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધિરાણકર્તાઓએ સરકાર સમક્ષ એવી રજૂઆત કરી છે કે, તમામ હાલના તેમજ નવા પ્રોજેક્ટમાં વણચૂકવાયેલી લોનોના પાંચ ટકાની જનરલ પ્રોવિઝન આવશ્યક ગણાવતી દરખાસ્ત પર પુનઃ વિચારણા કરવી જરૂરી છે.

પાકનું ઉત્પાદન વધ્યું અને જમીનની ગુણવત્તામાં સુધારો

આઠમું પાસ ખેડૂતે બે એકરમાં ઓછા ખર્ચે 20 પાક ઉછેરી 12 લાખની આવક મેળવી

ગાંધીનગર : સુરતના માંડવી તાલુકાના બલેઠી ગામના આઠમું ધોરણ પાસ ખેડૂત વાલજીભાઇ ચૌધરીએ તેમના ખેતરમાં જંગલ મોડલ આધારિત પ્રાકૃતિક ખેતીનો માર્ગ અપનાવી બે એકરમાં નજીવા ખર્ચે 20 પાક ઉછેરીને વાર્ષિક ધોરણે 12 લાખની આવક પ્રાપ્ત કરી છે. મહત્વનું છે કે રાસાયણિક ખાતરો છોડીને પ્રાકૃતિક ખેતીમાં તેમને પાકોનું ઉત્પાદન વધારે મળ્યું છે અને ખેતરની ગુણવત્તામાં અનેકગણો સુધારો પણ થયો છે. આ ખેડૂતે મોડલ ફાર્મ બનાવવા સરકાર તરફથી 13,500 રૂપિયાની સહાય મેળવી હતી. એ ઉપરાંત ગાય નિભાવ યોજનામાં 10800 રૂપિયા તેમજ ખેતીના ઉપયોગ માટે ટ્રેક્ટર ખરીદી પર 60 હજારની સબસિડી પણ લીધી છે.

આ ખેડૂતે સૌ પ્રથમ બે એકર જમીનમાં પ્રયોગ કરીને ધાર્યું પરિણામ મેળવ્યું છે. તેમણે 2018માં એક ગાય ખરીદીને પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે પહેલાં રાસાયણિક ખેતીમાં આવક મળતી ન હોવાથી હું જંગલ મોડલ આધારિત ખેતી તરફ વળ્યો હતો. મે મારા ખેતરમાં 20 પાકોનું વાવેતર કર્યું છે જેમાં અનાજ, કઠોળ, શાકભાજી અને ફળોની ખેતીનો સમાવેશ થાય છે.

આ ખેતીવાડીમાં મહેતન વધારે જોઈએ છે પરંતુ ઉત્પાદન ખર્ચ નહીવત

અનુસંધાન પાના નંબર : 3

ધી બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્ક લિ., વડોદરા

STATUTORY AUDITOR'S REPORT

To,
The Members
The Baroda Central Co-operative Bank Ltd. Sayajigunj, Vadodara

Report on the Audit of the Financial Statements

Opinion

1. We have audited the accompanying Financial Statements of The Baroda Central Co-operative Bank Ltd, Vadodara, as on 31st March 2024, which comprises of Balance Sheet as at 31st March 2024, the statement of Profit and Loss for the year then ended, Cash Flow Statement for the year then ended, and Notes to Accounts together with Significant Accounting Policies and Other Explanatory Information in which are included the accounts of 38 Branches of the Bank and its Head Office.
2. In our opinion, and to the best of our information and according to the explanations given to us, read with Notes to Accounts together with Significant Accounting Policies and Other Explanatory Information and our comments in Long Form Audit Report (LFAR), the aforesaid financial statements give the information required by the Banking Regulation Act, 1949 (as applicable to Co-op Societies), Guidelines issued by Reserve Bank of India (RBI) and National Bank for Agriculture and Rural Development (NABARD), in the manner so required for bank and give a true and fair view in conformity with the accounting principles generally accepted in India of
   (i) the state of affairs in case of the Balance Sheet of the branch as at March 31, 2024, and
   (ii) true balance of Profit for the year ended on that date, and
   (iii) the cash flow statement give true and fair view of the cash flow for the year ended on that date.

Basis for Opinion

3. We conducted our audit in accordance with the Standards on Auditing (SAs) issued by ICAI. Our responsibilities under those standards are further described in the Auditor's Responsibilities for the Audit of the Financial Statements section of our report. We are independent of the bank in accordance with the code of ethics issued by the Institute of Chartered Accountants of India together with ethical requirements that are relevant to our audit of the financial statements in [jurisdiction], and we have fulfilled our other ethical responsibilities in accordance with these requirements and the code of ethics. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our opinion.

Key Audit Matters:

4. Key Audit matters are those Key audit matters are those matters that, in our professional judgment, were of most significance in our audit of the standalone financial statements of the current period. These matters were addressed in the context of our audit of the standalone financial statements as a whole, and in forming our opinion thereon, and we do not provide a separate opinion on these matters. We have determined the matters described below to be the key audit matters to be communicated in our report.

Key Audit Matters

The Bank has to comply with the various circulars and guidance notes issued by Banking Regulation Act, RBI, NABARD, Gujarat State Co-op Societies Act and other related acts which guides the banking procedures and practices.

The guideline on Income Recognition, Asset Classification and Provisioning (IRAC) prescribe the prudential norms for the identification and classification of non performing assets and the minimum provision required for such assets Which shall be followed thoroughly.

The provision on NPA is estimated based on ageing and classification of NPA, recovery estimates, nature of loan product, value of security and other qualitative factors and is subject to the minimum provisioning norms specified and approved policy of the Bank in this regard.

Since the Bank relies heavily on the Information Technology, threats. like alteration, deletion, manipulation of Data are always present.

Appropriate IT general controls and application controls are must to ensure that the data provided by the system is reliable, consistent, accurate and complete which further ensures that Financial Statements give a true and fair view.

Though the Human intervention is minimal still threats like unauthorized access to system, omission in recording of entries, wrongful data entry which could affect the reliability of financial reports.

Principal Audit Procedures
(How matter as addressed in our audit)

We performed inquiry with the management of the Bank regarding the application of the various circulars, instructions etc and how their implication effects the operations on our samples. The same was verified wherever possible.

Samples were selected based on the factors like:
(1) Amount of Advances,
(2) New Advances given during year,
(3) Accounts with Recovery during year

And the samples so selected were tested to ensure that management's operation are in line with the norms and guidelines. The classification and the provisioning of the NPA were checked using the IRACP norms applicable to ensure that same were followed by the management.

Auditing Tools such as Observation, review, inquire etc. to identify the risks associated with IT systems.

Obtain comprehensive understanding of IT controls as to authorization of access, and if different access gives different powers depending upon the role and position of the employees.

Based on our understanding and inquire with management we assessed the degree of human intervention and what all procedures are completely automated, and if the manual interference is regulated.

Management's Responsibilities for the Financial Statements:

5. The Bank's management is responsible with respect to the preparation of these financial statements that give a true and fair view of the financial position and financial performance of the Bank in accordance with the accounting principles generally accepted in India, including the Accounting Standards issued by ICAI, and provisions of Section 29 of the Banking Regulation Act, 1949 (as applicable to co-operative societies) and circulars and guidelines issued by the Reserve Bank of India ('RBI'), NABARD from time to time. This responsibility also includes maintenance of adequate accounting records in accordance with the provisions of the Act for safeguarding of the assets of the Bank and for preventing and detecting frauds and other irregularities; selection and application of appropriate accounting policies, making judgments and estimates that are reasonable and prudent; and design, implementation and maintenance of adequate internal financial controls, that were operating effectively for ensuring the accuracy and completeness of the accounting records, relevant to the preparation and presentation of the financial statements that give a true and fair view and are free from material misstatement, whether due to fraud or error.

   In preparing the financial statements, management is responsible for assessing the Bank's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless management either intends to liquidate the Bank or to cease operations, or has no realistic alternative but to do so.

Auditor's Responsibilities for the Audit of the Financial Statements

6. Our objectives are to obtain reasonable assurance about whether the financial statements as a whole are free from material misstatement, whether due to fraud or error, and to issue an auditor's report that includes our opinion. Reasonable assurance is a high level of assurance, but is not a guarantee that an audit conducted in accordance with guidelines of Reserve Bank of India (RBI), NABARD and Standard on Auditing (SA) issued by ICAI will always detect a material misstatement when it exists. Misstatements can arise from fraud or error and are considered material if, individually or in the aggregate, they could reasonably be expected to influence the economic decisions of users taken on the basis of these financial statements.

   As part of an audit in accordance with SAs, we exercise professional judgment and maintain professional skepticism throughout the audit. We also:
   a) Identify and assess the risks of material misstatement of the financial statements, whether due to fraud or error, design and perform audit procedures responsive to those risks, and obtain audit evidence that is sufficient and appropriate to provide a basis for our opinion. The risk of not detecting a material misstatement resulting from fraud is higher than for one resulting from error, as fraud may involve collusion, forgery, intentional omissions, misrepresentations, or the override of internal control.
   b) To obtain an understanding of internal control relevant to the audit in order to design audit procedures that are appropriate in the circumstances.
   c) Evaluate the appropriateness of accounting policies used and the reasonableness of accounting estimates and related disclosures made by management.
   d) Conclude on the appropriateness of management's use of the going concern basis of accounting and based on the audit evidence obtained, whether a material uncertainty exists related to events or conditions that may cast significant doubt on the bank's ability to continue as a going concern. If we conclude that a material uncertainty exists, we are required to draw attention in our auditor's report to the related disclosures in the financial statements or if such disclosures are inadequate, to modify our opinion. Our conclusions are based on the audit evidence obtained up to the date of our audit report. However, future events or conditions may cause the bank to cease to continue as a going concern.
   e) Evaluate the overall presentation, structure, and content of the financial statements, including the disclosures, and whether the financial statements represent the underlying transactions and events in a manner that achieves fair presentation.

   Materiality is the magnitude of the misstatements in the standalone financial statements that, individually or in aggregate, makes it probable that the economic decisions of a reasonably knowledgeable user of the financial statements may be influenced. We consider quantitative materiality and qualitative factors in (i) planning of the scope of our audit work and evaluating the results of our work; and (ii) to evaluate the effect of any identified misstatement in the financial statements.

   We communicate with those charged with governance regarding, among other matters, the planned scope and timing of the audit and significant audit findings, including any significant deficiencies in internal control that we identify during our audit.

   We also provide those charged with governance with a statement that we have complied with relevant ethical requirements regarding independence, and to communicate with them all relationships and other matters that may reasonably be thought to bear on our independence, and where applicable, related safeguards.

   From the matters communicated with those charged with governance, we determine those matters that were of most significance in the audit of the financial statements of the current period and are therefore the key audit matters. We describe these matters in our auditor's report unless law or regulation precludes public disclosure about the matter or when, in extremely rare circumstances, we determine that a matter should not be communicated in our report because the adverse consequences of doing so would reasonably be expected to outweigh the public interest benefits of such communication.

Report on Other Legal and Regulatory Requirements:

7. The Balance Sheet and the Profit and Loss Account have been draw up in accordance with in Form "A" and "B" respectively of Third Schedule to the Banking regulation Act, 1949.
8. Subject to the limitations of the audit indicated in paragraphs 4 to 6 above, we report that:
   a) We have obtained all the information and explanations which to the best of our knowledge. and belief were necessary for the purposes of the audit and have found them to be satisfactory;
   b) The transactions of the bank which have come to our notice have been within the powers of the Bank.
   c) The returns received from the branches have been found adequate for the purposes of our audit.
9. We further report that:
   a) In our opinion, proper books of account as required by law have been kept by the Bank so far as it appears from our examination of those books;
   b) the Balance Sheet, the Profit and Loss Account and the Cash Flow Statement dealt with by this report are in agreement with the books of account;
   c) In our opinion, the Balance Sheet, and the Profit and Loss Account comply with the applicable accounting standards, to the extent they are not inconsistent with the accounting policies prescribed by RBI.

Date: 26-04-2024
Place: - AHMEDABAD

FOR B J Patel & J L Shah
CHARTERED ACCOUNTANTS
CA - VIRAL J Shah
PARTNER
MEM No. 108349
FRN.104148W
UDIN 24108349BKEBGL5271

The Baroda Central Co-op Bank Ltd, Vadodara
Cash Flow Statement for the year ending on 31st March 2024

Rs. ('000)

Particulars	For the Year Ended 31st March 2023	For the Year Ended 31st March 2024
[A] CASH FLOW FROM OPERATING ACTIVITY	105000.00	135308.00
NET PROFIT AFTER TAX AND EXTRA ORDINARY ITEMS		
Adjustments for non-cash item/items required to be disclosed seperately		
Investment Depritiation Reserve	(3425.00)	0.00
Additional Free Reserve	(12540.00)	(11227.00)
Bad & Doubtful Debts Reserve	39993.00	54818.00
Recapitalization Assistance	0.00	0.00
Overdue Interest Reserve	(22532.00)	(45.00)
Provision for Standard Assets	6553.00	5000.00
Branch Adjustment	0.00	0.00
Operating Profit before working capital changes - (A)	**113049.00**	**183854.00**
Adjustment for change in working capital and provisions:		
(Increase)/Decrease in Loan/Advances	(1031983.97)	(1639567.19)
(Increase)/Decrease in Interest Receivable	(18249.03)	89009.19
(Increase)/Decrease in Inventories		
Increase/(Decrease) in Deposits	1362659.00	1786172.00
Increase/(Decrease) in Other Current Liabilities	46220.00	62279.00
(Increase)/Decrease in Investments	(1073657.00)	(402854.00)
Increase/(Decrease) in Borrowing	496822.00	(7101.00)
CASH GENERATED FROM OPERATIONS (B)	**(228189.00)**	**(112062.00)**
Income Tax (Net of Refunds)		
CASH FLOW FROM EXTRA ORDINARY ITEMS (A-B=C)	**(115140.00)**	**71792.00**
LESS EXTRA ORDINARY ITEM		
NET CASH FLOW /(USED IN) FROM OPERATING ACTIVITIES		
[B] CASH FLOW FROM INVESTMENT ACTIVITIES		
Investment /Sale of Fixed Assets	(5708.00)	(1685.00)
Investment /Sale of Other Assets	45210.00	3774.00
NET CASH FLOW FROM INVESTING ACTIVITIES - (D)	**39502.00**	**2089.00**
[C] CASH FLOW FROM FINANCING ACTIVITIES		
Proceeds/Buy Back from issues of share capital (including premium)	2050.00	6482.00
Finance costs		
Dividend Paid		
Decrease in Preliminary Exp.		
NET CASH FLOW FROM FINANCING ACTIVITIES (E)	**2050.00**	**6482.00**
NET CHANGE IN CASH & CASH EQUIVALENT (C+D+E = F)	**(73588.00)**	**80363.00**
Cash & Cash Equivalents as at beginning of the year	799452.00	725864.00
Cash & Cash Equivalents as at end of the year	725864.00	806227.00
NET CHANGE IN CASH & CASH EQUIVALENTS	(73588.00)	80363.00
Cash & Cash Equivalents as at beginning of the year		
a. Cash on Hand	283151.00	208717.00
b. Balance with Banks		
In RBI/Apex Bank		
In Current Account	516301.00	517147.00
In Fixed Deposit		
C. Money at Call & Short Notice		
	799452.00	725864.00
Cash & Cash Equivalents at the End of the year		
a. Cash on Hand-*	208717.00	237937.00
b. Balance with Banks		
In RBI/Apex Bank		
In Current Account	517147.00	568290.00
Total = G	**725864.00**	**806227.00**

Note: 1. "Cash Flow Statement" has been prepared under the indirect method as set out in the accounting Standard
2 "Cash Flow Statement" issued by the Institute of Chartered Account

[RAJUBHAI C PATEL] CHAIRMAN
[JAGDISHBHAI D. PATEL] GENERAL MANAGER
FOR BJ Patel & J L Shah
CHARTERED ACCOUNTANTS
C.A VIRAL J SHAH
PARTNER
MEM No. 108349 FRN.104148W
UDIN: 24108349BKEBGL5271

PLACE: VADODARA
DATE: 26-04-2024

NOTES FORMING PART OF BALANCE SHEET AS AT 31st MARCH-2024 AND PROFIT AND LOSS ACCOUNT FOR THE YEAR ENDED 31st MARCH 2024

A. Significant Accounting Policies

1. Accounting Convention: The financial statements are prepared and presented under the historical cost convention. on going concern basis following the accrual concept of accounting, unless otherwise stated. The Financial statements comply with generally accepted accounting principles, statutory requirements prescribed under the Banking Regulation Act-1949, circulars and guidelines issued by the Reserve bank of India (RBI) and NABARD from time to time, Accounting Standards (AS) issued by the Institute of Chartered Accountant of India (ICAI) and current practices prevailing within the banking industry in India.
2. Use of Estimates: The Preparation of the financial statements, in conformity with generally accepted accounting principles, requires management to make estimates and assumptions that affect the reported amounts of assets and liabilities, revenues and expenses and disclosure of contingent liabilities at the date of the financial statements. Actual results could differ from those estimates. Management believes that the estimates used in the preparation for the financial statements are prudent and reasonable. Future results could differ from these estimates. Any revision of the accounting estimates is recognized prospectively in the current and future periods.
3. Cash Flow Statements: The Cash Flow Statements is prepared according to the indirect method in accordance with the Accounting Standard -3 issued by the Institute of Chartered Accountant of India.
4. Contingencies and Events occurring after the Balance Sheet Date: Material adjusting events occurring after the Balance Sheet date, if any are recognized in the financial statements. Non adjusting events occurring after the Balance sheet date, if any represents material charge and commitments affecting the financial position are disclosed in the reports of the Board Directors.
5. Net Profit or Loss for the period, Period items and change in Accounting Policies: Material Items of prior period, Non-Recurring and Extra Ordinary items are shown separately, if any.
6. Advances:
   a. Advances are classified into Standard, Sub Standard, Doubtful and Loss Assets and provisions are made in accordance with the prudential norm prescribed by RBI. As applicable to District Co-op Bank notified by NABARD wide their circular Dt.: 04/07/2002 Ref. No. NB.AHM./Dos/6760/E4A/2002-03 as below.

NO.	Classification of loans & advances	Provision %
1.	Standard Agri	0.25%
	Standard Non-Agri	0.40%
	Standard Non-Agri (comm Vehicle)	0.75%
2.	Sub Standard	10.00%
3.	Bad & Doubtful	
i	3 to 4 years	20.00%
ii	4 to 6 years	30.00%
iii	Above 6 years	100.00%
4	Loss Assets	100.00%

   Additional provision of "Bad & Doubtful provision for Rural Advances" is carried in accounts over and above requirement under the prudential norms prescribed by the Reserve Bank of India, which can be considered as earmarked reserve.
   100% provision has been made on all unsecured NPA Advance as per directive
   b. The Overdue interest in respect of non-performing advances is derecognized & not provided in the books of Accounts during the FY 2023-24, Whereas the amount already provided in earlier years is separately shown under "Overdue Interest Reserve" as per the directives issued by RBI and NABARD. & the Reserve created for overdue interest is excess from the Amount Shown as Interest receivable on NPA Accounts.
7. Fixed Assets and Depreciation
   Fixed assets are carried at historical cost less accumulated depreciation. Cost includes incidental expenses incurred on acquisition of assets.
   i. Depreciation on Fixed Assets Purchased during the year is charged for the full year if the assets are purchased upto 30th September, Otherwise it is charged at 50% of the normal rate. Depreciation is charged up to the date of its actual use in case of assets sold during year.
   ii, The Fund received from the NABARD/apex bank for specific creation of the fixed assets are classified separately under reserves head and assets acquired out of the funds are shown on gross value under fixed assets. Depreciation on such assets are provided and simultaneously reserves were also reduced to that extend on pro rate basis.
   iii. Fixed Assets are provided depreciation on the following rates as per rates decided by Bank Management on the basis of life of assets & during the year the depreciation has been provided at the same rate as applied in FY 2023-24.

Sr.No	Assets	Rate of Dep	Method Dep.
1	Building	10	WDV
2	Furniture and Fixture	10	WDV
3	Electric Equipment	10	WDV
4	Motor Vehicles	15	WDV
5	Computer and Computers Software	33.33	SLM
6	Lift	15	WDV
7	Plant & Machinery	15	WDV

8 Recognition of income/Expenditure:
   a. Items of income & Expenditure are recognised on an accrual basis
   b. Income from Non-Performing assets are recognised to the extent realised, as per the directives issued by RBI.
   c. Interest on Government Securities, Debentures and other fixed income securities are recognised on accrual basis. Income on discounted instruments is recognised over the tenor of the instruments.
   d. Dividend Income is accounted on accrual basis when the right to receive payment is established.
9. Investments:
   a. Classification: For the purpose of disclosure in the Balance Sheet, Investments are classified under four groups as required under RBI guidelines, Government Securities, Other Approved Securities, Shares with Co-operative Institutions and Other Investments.
   b. Valuation
      i. Investments are carried at their acquisition cost.
      ii Any premium on acquisition of investment is amortised over the balance period to maturity if any.
      iii Interest accrued up to the date of acquisition of securities (i.e. broken period interest) is excluded from the acquisition cost and debited to interest on investment income, if any,
      iv Brokerage, Commission, CCIL charges etc. pertaining to investments paid at the time

અનુસંધાન પાના નં. - 6

આણંદ જિલ્લા સહકારી સંઘ દ્વારા ટ્રેનીંગ પ્રોગ્રામ યોજાયો

આણંદ : આણંદ જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે જિલ્લા કક્ષાનો કો-ઓપરેટિવ બેન્કિંગ બોર્ડ ઓફ મેનેજમેન્ટ - મેનેજરો માટેનો ટ્રેનીંગ પ્રોગ્રામ આણંદ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી રજનીકાંન્ત પટેલના પ્રમુખપણા હેઠળ આણંદ ખાતે યોજાયો.

ટ્રેનીંગ પ્રોગ્રામના મુખ્ય વક્તા બેન્કિંગ ક્ષેત્રે તજજ્ઞ શ્રી અશોક મંકોડીએ જણાવ્યું કે કો-ઓપરેટિવ બેન્કોના ડિરેક્ટરોએ બેન્કિંગને વધુમાં ડિજિટલાઈજેશન માટે પ્રયત્નો કરીને બેન્કોની પ્રગતી કરવી જોઈએ. બેન્કોના મેનેજરો અને ઓફિસરોએ આરબીઆઈના પરિપત્રોનો વધુમાં વધુ અભ્યાસ કરી બેન્કોમાં તેનો અમલ કરવો જોઈએ. વધુમાં જણાવ્યું કે આરબીઆઈ કેલેન્ડર, રીસ્ક મેનેજમેન્ટ, વેરયર્સ પોલિસી અન્ડર બીઆર એક્ટ અને આરબીઆઈ ડિરેક્ટરી, વાર્ષિક ક્લોજિંગ, એજન્ડા, બેન્કિંગ વિશે માહિતી આપી હતી. સહકારી બેન્કોને સમૃદ્ધ બનાવવામાં

બેન્કોને હોદ્દેદારો અને દરેક બોર્ડના સભ્યો જાગૃત રહી બેન્કોનો સ્વચ્છ પારદર્શક વહીવટ કરે તે માટે દરેક બોર્ડ મેમ્બર અભ્યાસુ અને તાલીમ પામેલ, સહકારી અને રિઝર્વ બેન્કના કાયદા તથા નિયમોના જાણકાર અને પાલન કરનાર તથા દીર્ઘ દ્દષ્ટીવાળા સંચાલન કરનારાં હોવા જોઈએ અને બેન્કિંગ ક્ષેત્રે ખૂબ સફળતાઓ મળે તેવો અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને ટ્રેનીંગ પ્રોગ્રામની રૂપરેખા વિશે જિલ્લા સંઘના શ્રી કલ્પેશભાઈ રબારીએ માહિતી આપી હતી. તેમજ કાર્યક્રમમાં જિલ્લાની વિવિધ બેન્કોના ચેરમેનશ્રીઓ, ડાયરેક્ટરશ્રીઓ, સી.ઈ.ઓ. અને મેનેજરશ્રીઓ અને અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંઘના સી.ઈ.આઈ. શ્રી હિતેશ રાઠોડે કર્યું હતું.

જામનગર જિલ્લા સહકારી સંઘની વ્યવસ્થાપક સમિતિની મળેલ મિટિંગ

જામનગર : જામનગર જિલ્લા સહકારી સંઘની વ્યવસ્થાપક સમિતિની એક મિટિંગ તારીખ 09/06/2024ને રવિવારના રોજ સંઘના પ્રમુખશ્રી જયંતભાઈ સી. વિરાણી (જે.સી.વિરાણી-એડવોકેટ)ના અધ્યક્ષસ્થાને તેમના નિવાસસ્થાન 5/3 પટેલ કોલોની, જામનગર ખાતે મળેલ.

આ મિટિંગમાં સંઘના વહીવટી નિર્ણયો તેમજ જિલ્લા સંઘના વાર્ષિક હિસાબો, સંઘ તરફથી સહકારી શિક્ષણ અને તાલીમ અંગે કરવામાં આવેલી કાર્યવાહીની સમીક્ષા તેમજ એજન્ડા મુજબના દરેક ઠરાવો સર્વાનુમતે મંજુર કરેલ. ઉપરાંત જિલ્લાની સહકારી પ્રવૃતિની ચળવળ વેગવંતી બને અને સહકારી પ્રવૃતિ વધુને વધુ વિસ્તરે તેમજ છેવાડાના માણસને સહકારી પ્રવૃત્તિનો લાભ મળતો થાય તે માટે સંઘના અધ્યક્ષશ્રી જે. સી. વિરાણી, સંઘના ડાયરેકટર અને જિલ્લા સહકારી બેન્કના ચેરમેનશ્રી જીતુભાઈ લાલ, સંઘના ડાયરેકટર અને પૂર્વ અધ્યક્ષશ્રી છગનભાઈ એમ.પટેલ, ઉપપ્રમુખશ્રી પૃથ્વીરાજ એ.ચૌહાણ, માનદમંત્રીશ્રી વશરામભાઈ ચોવટીયા, દેવકરણભાઈ ભાલોડીયા, સંઘના માનદમંત્રી અને કોર્પોરેટર શ્રીમતી સરોજબેન વિરાણી, સંઘના ડાયરેકટર અને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના ચેરમેનશ્રી કાંતીભાઈ એલ.ગઢીયા, સંઘ તેમજ બેન્કના ડાયરેકટર અને પૂર્વ એમ.ડી.શ્રી લુણાભા પી.સુમણીયા, જગદીશભાઈ ગોજીયા, મગનભાઈ કાનાણી, ભરતભાઈ પટેલ, તેજુભા જાડેજા, પ્રહલાદસિંહ જાડેજા, કરમણભાઈ ભીમાણી વિગેરે ડાયરેકટરશ્રીઓએ ગહન ચર્ચા વિચારણા કરેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે આ મિટિંગમાં સંઘના ડાયરેકટર અને જિલ્લા સહકારી બેન્કના ચેરમેનશ્રી જીતુભાઈ લાલ અને સંઘ તેમજ બેન્કના ડાયરેકટર અને પૂર્વ એમ.ડી.શ્રી તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના રાજકીય, સામાજિક અને સહકારી અગ્રણીશ્રી લુણાભા પી.સુમણીયાએ ખાસ હાજરી આપી હતી અને જિલ્લા સહકારી સંઘની દરેક પ્રવૃતિમાં જિલ્લા સહકારી બેન્કનો પુરો સહકાર આપવા ખાત્રી આપી હતી.

રાજ્યના 1600 કિલોમીટરના દરિયા કિનારે આવેલા સૌરાષ્ટ્રના 8 જિલ્લામાં વધુ વાવેતર

એક વર્ષમાં ગુજરાતમાં નાળિયેરીનું 25,672 હેક્ટરમાં વાવતેર, 21.42 કરોડ ફળ આવ્યા

જૂનાગઢ : સમગ્ર વિશ્વમાં ભારત નાળિયેરના ઉત્પાદનમાં અગ્રણી દેશ છે, અને ભારતનું યોગદાન 31 ટકા જેટલું છે. દેશમાં પ્રતિ હેક્ટર દીઠ 9430 ફળ થાય છે. ભારતમાં વર્ષ 2021-22 માં નાળિયેરનું ઉત્પાદન 1924.7 કરોડનું ફળ હતું. વૈશ્વિક નાળીયેરના ઉત્પાદનમાં ભારતનું યોગદાન 31 જેટલું છે. દેશમાં નાળિયેરની ખેતી 21.10 લાખ હેકટરમાં થાય છે. નાળિયેરના ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં ભારત અગ્રણી સ્થાન ધરાવે છે.

વર્ષ 2022 માં જૂનાગઢના બહુમાળી ભવનમાં નાળિયેર વિકાસ બોર્ડની કચેરીના કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કચેરીનો પ્રારંભ થવાથી સૌરાષ્ટ્રભરમાં નાળિયેરના ઉત્પાદનમાં વેગ મળી રહ્યો છે. તેમજ નાળિયેર વિકાસ બોર્ડની કચેરી દ્વારા ખેડૂત જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં રાજ્ય કક્ષા, જિલ્લા કક્ષા, બ્લોક કક્ષા અને જિલ્લાના જુદા જુદા સ્થળોએ કાર્યક્રમો તથા આ એક્સપોઝર વિવિધ રાજ્યોના પસંદગીના ખેડૂતો માટે ભારતના દક્ષિણ ભાગના અન્ય નાળીયેર ઉગાડતા રાજ્યોની મુલાકાત લે છે.

જૂનાગઢ નાળિયેરી વિકાસ બોર્ડના માર્કેટ ડેવલોપમેન્ટ ઓફિસર એસ.એ. જયકુમારએ કહ્યું કે. નાળિયેરની ખેતીની તકનીકો અને તેની મૂલ્યવર્ધન પ્રવૃતિઓ અને માનવજાત દ્વારા તેના સ્વાસ્થ્ય લાભોને ધ્યાનમાં રાખીને તેનો ઉપયોગ સમજવામાં આવે. સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી દિલ્હી, મહારાષ્ટ્ર અને રાજસ્થાન જેવા રાજ્યોમાં નાળિયેરની નિકાસ કરવામાં આવે છે. 2023ના આકડાઓ અનુસાર 25672 હેકટરમાં સમગ્ર ગુજરાતમાં ઉત્પાદન થયું હતું.

તો બાગાયતી વિભાગના વર્ષ 2022-23 ના રીપોર્ટ અનુસાર સૌરાષ્ટ્રમાં નાળિયેરનું ઉત્પાદન 20583 હેકટરમાં થાય છે.જયારે ગીરસોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં 1563 હેક્ટરમાં વાવેતર થાય છે. જૂનાગઢ જિલ્લામાં 6455 હેકટરમાં નાળીયેરનું ઉત્પાદન થાય છે તો ગીર- સોમનાથ જિલ્લામાં 9177 હેકટરમાં ઉત્પાદન થાય છે. વિશ્વમાં નાળિયેરના ઉત્પાદન અને ઉત્પાદકમાં ભારત અગ્રીમ હરોળમાં છે. દેશમાં દર વર્ષે 19.8 લાખ હેકટરમાંથી 2044 કરોડ નાળિયેર ઉત્પાદિત થયા છે. નાળિયેરની ખેતીથી એક કરોડથી વધુ ભારતીયોનો જીવનનિર્વાહ ચાલે છે. સૌથી વધુ નાળીયેર ઓરિસ્સામાં ઉત્પાદિત થાય છે.

ભારતમાં સૌથી વધુ લાંબો દરિયાકાંઠો ધરાવતું ગુજરાત નાળિયેર ઉત્પાદનમાં આગેકુચ કરી રહ્યું છે. કૃષિ વિભાગમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લાં દાયકામાં ગુજરાતમાં નાળિયેરના વાવેતર વિસ્તારમાં 4552 હેક્ટરની વૃદ્ધી નોંધાય છે. ગુજરાતમાં વર્ષ 2021-23માં નાળિયેરનો વાવેતર વિસ્તાર 21120 હેક્ટરનો હતો જે વર્ષ 2022-23 માં વધીને 25672 હેકટરે પહોચ્યો છે.ગુજરાતમાં નાળિયેર ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, નવસારી, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં થાય છે.

મંત્રીમંડળે 3 કરોડ.... પાના નંબર : 1નું અનુસંધાન

હેઠળ ઘર મેળવીને લોકો સન્માનની લાગણી અનુભવી રહ્યા છે એટલું જ નહીં, તેમનો આત્મવિશ્વાસ પણ વધી રહ્યો છે. કેન્દ્ર સરકાર પણ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકા મકાનો માટે પોતાના બજેટમાં સતત વધારો કરી રહી છે. ચાલુ નાણાકીય વર્ષમાં જરૂરિયાતમંદ પાત્ર લાભાર્થીઓ માટે શક્ય તેટલા પાકા મકાનો બનાવવા માટે વર્ષ 2024-25ના બજેટમાં 80 હજાર 671 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ મકાનો એવા પરિવારોને આપવામાં આવી રહ્યા છે જેમની પાસે પોતાનું કાયમી મકાન નથી. આધુનિક ટેકનોલોજીવાળા લાઈટ હાઉસ બનાવવામાં આવી રહ્યા છે, જેમાં લગભગ 16 લાખ મકાનોનું નિર્માણ થઈ રહ્યું છે.

મંત્રાલયે 500થી.... પાના નંબર : 1નું અનુસંધાન

રાષ્ટ્રીય સોફ્ટવેર દ્વારા તેમનું એકીકરણ અને મોડલ બાયલોઝની રચનાનો સમાવેશ થાય છે. આ પ્રયાસો સહકારી ક્ષેત્રને પુનર્જીવિત કરી રહ્યા છે અને ગ્રામીણ અર્થતંત્રમાં તેનું યોગદાન વધારી રહ્યા છે. આ વિકાસ સોમવારે 18મી લોકસભાના પ્રથમ સત્ર દરમિયાન થયો હતો જ્યારે શ્રી અમિતભાઈ શાહ, શ્રી કૃષ્ણ પાલ ગુર્જર અને શ્રી મુરલીધર મોહોલે સંસદના સભ્યો તરીકે શપથ લીધા હતા. તેમની સતત રાજકીય કારકિર્દી અને રાષ્ટ્રીય વિકાસને લક્ષ્યમાં રાખીને કાયદાકીય પ્રવૃત્તિઓમાં ભાગીદારીનું આ એક મહત્વપૂર્ણ પગલું છે.

ગુજરાત રાજ્ય સહકારી સંઘ

"સહયોગ" (તિલક) રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ફોન : ૨૫૩૫૨૨૨૦, ફેક્સ (૦૭૯) ૨૫૩૫૧૩૬૦

Website : www.gscu.in • E-mail : gscu@rediffmail.com

ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ પરીક્ષા પરિણામ

જા.નં.ઈ/529/2024-25 તારીખ : 27/06/2024

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ સંચાલિત વ્યવસ્થાપન કેન્દ્રો કામરેજ ચાર રસ્તા (જિ.સુરત), નડિયાદ (જિ. ખેડા), મહેસાણા, નારી (જિ.ભાવનગર), રાજકોટ અને અમદાવાદના આશ્રયે માહે ફેબ્રુઆરી - 2024 દરમ્યાન લેવામાં આવેલ ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ પરીક્ષાનું પરિણામ નીચે મુજબ છે.

[1] કામરેજ ચાર રસ્તા, જિ.સુરત

પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા બેઠક નંબર	: 4,5,6,16,21,23.	06
પ્રથમ વર્ગ બેઠક નંબર	: 3,8,9,10,11,12,13,14,15,17,18,22,24.	13
દ્વિતીય વર્ગ બેઠક નંબર	: 2,7,20.	03
તૃતીય વર્ગ બેઠક નંબર	: ------	00
	કુલ ઉત્તિર્ણ :	22
	નાપાસ :	02
	કુલ :	24
કેન્દ્રનું પરિણામ	: 91.67%	

[2] નડિયાદ, જિ.ખેડા

પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા બેઠક નંબર	: 1,2,13,19,24,25,26,28,29.	09
પ્રથમ વર્ગ બેઠક નંબર	: 6,7,9,10,11,12,14,16,17,20,22,23,32, 33,34,35,36,37,38.	19
દ્વિતીય વર્ગ બેઠક નંબર	: 3,8,18,21,30,39.	06
તૃતીય વર્ગ બેઠક નંબર	: 40.	01
	કુલ ઉત્તિર્ણ :	35
	નાપાસ :	00
	કુલ :	35
કેન્દ્રનું પરિણામ	: 100%	

[3] મહેસાણા

પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા બેઠક નંબર	: 3,11,13,15,17,18,19,20,21,22,24,28, 33.	13
પ્રથમ વર્ગ બેઠક નંબર	: 1,2,8,12,23,26,29,32.	08
દ્વિતીય વર્ગ બેઠક નંબર	: 6,9.	02
તૃતીય વર્ગ બેઠક નંબર	: 34 x	01
	કુલ ઉત્તિર્ણ :	24
	નાપાસ :	00
	કુલ :	24
કેન્દ્રનું પરિણામ એકસ સાથે	: 100%	
કેન્દ્રનું પરિણામ એકસ સિવાય	: 100%	

[4] નારી, જિ.ભાવનગર

